# પાલનપુરમાં ઓછુ પેટ્રોલ અપાતા હોવાના મુદ્દે મોડી રાત્રે ભારે હોબાળો

## પોલીસ, વહીવટી અને પુરવઠા તંત્રએ ઘટના સ્થળે પહોંચી તપાસ આદરી

પાલનપુર ખાતે આવેલ ગઠામણ દરવાજા ખાતે આવેલા એમ.એ.માસ્ટર પેટ્રોલ પંપ પર ઓછું પેટ્રોલ આપતા હોબાળો સર્જાયો હતો. ગ્રાહક ૨૫૦ નું પેટ્રોલ પુરાવવા ગયો હતો ત્યારે ૨૫૦ રૂપિયામાં ફક્ત અઢી લિટર પેટ્રોલ આપતા હોબાળો સર્જાયો હતો જેને પગલે લોકોના ટોળેટોળા એકત્ર થઈ ગયા હતા અને લોકોએ પણ આ પેટ્રોલ પંપમાં ઓછું પેટ્રોલ અપાતું હોવાના આક્ષેપો કર્યા હતા.

ગઠામણ દરવાજા ખાતે આવેલા એમ.એ.માસ્ટર પેટ્રોલ પંપ પર લોકોએ હોબાળો મચાવ્યો હતો ચિરાગ માળી નામનો ગ્રાહક ગઠામણ દરવાજા પેટ્રોલ પંપ પર પેટ્રોલ ભરાવવા ગયો હતો ૨૫૦ રૂપિયાનું પેટ્રોલ ભરવાનું હતું જેને બદલે માત્ર આ પેટ્રોલ પંપ પર અઢી લિટર પેટ્રોલ મળ્યું હતું જોકે ગ્રાહકને શક જતાં તેને પેટ્રોલ ચેક કરાવ્યું હતું અને તેમાંથી ઓછું પેટ્રોલ નીકળતાં હોબાળો મચાવ્યો હતો ગ્રાહકના હોબાળાને પગલે લોકોના ટોળે ટોળા એકઠા થઈ ગયા હતા ત્યારે પેટ્રોલ પંપના માલિકને પોલીસ બોલાવવાની ફરજ પડી હતી અને પોલીસે મામલો આવીને મામલો થાળે પાડ્યો હતો ત્યારે આ છેતરાયેલા ગ્રાહકે પુરવઠા અધિકારીને પણ જાણ કરી હતી ત્યારબાદ પાલનપુર મામલતદાર, પુરવઠા નાયબ મામલતદાર, તોલમાપ અધિકારી સહિત સ્ટાફ સાથે ઘટના સ્થળે પહોંચી કાર્યવાહી હાથ ધરી હતી અને આ કાર્યવાહી મોડી રાત સુધી ચાલી હતી.જોકે મોડી રાત્રે મામલતદાર કે.ડી.સોલંકી ને પૂછતાં તેમને જણાવ્યું હતુંકે તપાસ કર્યા બાદ તોલમાપ વિભાગ ના વજનમાં પૂરેપૂરું વજન આવ્યું હતુ.



# દક્ષિણ ગુજરાત-સૌરાષ્ટ્રમાં ભારે વરસાદ

અમદાવાદ, તા.૨૧
રાજયભરમાં છેલ્લા ચાર-પાંચ દિવસથી મેઘરાજાએ સાર્વત્રિક વરસાદની મહેર વરસાવી છે. આજે પણ દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના જુદા જુદા વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદ થયો હતો. કેટલીક જગ્યાઓએ જળબંબાકારની સ્થિતિ સર્જાઈ ગઈ હતી. આજે ડાંગના વઘઈમાં સાત ઈંચ જેટલો વરસાદ પડ્યો હતો.

આ ઉપરાંત આહવામાં ત્રણ, સાપુતારામાં ત્રણ, મહુવામાં ત્રણ, માંડવીમાં બે ઈંચ વરસાદ થયો હતો. રાજયમાં છેલ્લા ૨૪ કલાક દરમ્યાન સૌથી વધુ વરસાદ ડાંગના વઘઈ તાલુકામાં સાત ઈંચ વરસાદ નોંધાયો હતો. જયારે વ્યારામાં ૧૩૭મી.મી. અને વાલોડમાં ૧૩૩ મી.મી. મળી કુલ બે તાલુકાઓમાં પાંચ ઈંચ અને ડોલવણ તાલુકામાં ૧૦૨ મી.મી. એટલે કે ૪ ઈંચથી વધુ વરસાદ વરસ્યો હતો. આ સિવાય રાજયમાં વડોદરા, અરવલ્લી, દાહોદ, સુરત, વલસાડ, નસવાડી, તાપી, છોટા ઉદેપુર સહિતના પંથકોમાં વાવણીલાયક વરસાદ વરસ્યો હોવાના અહેવાલો પ્રાપ્ત થયા છે. તો, સૌરાષ્ટ્રમાં રાજકોટ સહિતના પંથકોમાં આજે પણ સારો વરસાદ ચાલુ રહ્યો હતો. રાજયના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા મળેલા અહેવાલ મુજબ આજે સવારે ૭ વાગ્યા સુધીમાં મહુવા તાલુકામાં ૯૭ મી.મી, બારડોલીમાં ૯૪ મી.મી., સોનગઢમાં ૮૬ મી.મી, ચોર્યાસીમાં ૮૨ મી.મી., કપરાડામાં ૭૭ મી.મી અને પલસાણામાં ૭૩ મી.મી. મળી કુલ ૬ તાલુકાઓમાં ૩ ઈંચથી વધુ વરસાદ વરસ્યો હતો.

જયારે રાજયના ઉમરપાડા, સુબીર, નવસારી, સુરત શહેર, ધરમપુર, વાંસદા, ડાંગ, બોરસદ, નેત્રંગ, વાગરા, જેતપુર પાવી અને ગરબાડા મળી કુલ ૧૨ તાલુકાઓમાં બે ઈંચ અને અન્ય ૨૯ તાલુકાઓમાં એક ઈંચથી વધુ વરસાદ નોંધાયો હતો. રાજયના વિવિધ વિસ્તારોમાં વાવણીલાયક વરસાદ નોંધાતા ખેડૂતોના ઉભા અને ખરીફ પાકને જીવતદાન મળી ગયુ છે, જેને લઈ રાજયનો ખેડૂતઆલમ ખુશીની લાગણીમાં ગરકાવ બન્યો છે. બીજીબાજુ, અમદાવાદ શહેરમાં પણ આજે દિવસ દરમ્યાન વિવિધ વિસ્તારોમાં વરસાદના હળવા ઝાપટાં ચાલુ રહ્યા હતા. જેને લઈ વાતાવરણ ઠંડુ અને આહ્લલાદક બની ગયું હતું. અમદાવાદ શહેરમાં આજે દિવસ દરમ્યાન વાતાવરણ એકંદરે વાદળછાયુ અને ભેજવાળુ રહ્યું હતું. રાજયમાં વડોદરા, અરવલ્લી, દાહોદ, સુરત, વલસાડ, નસવાડી, તાપી, છોટા ઉદેપુર સહિતના પંથકોમાં વાવણીલાયક વરસાદ નોંધાતા ખેડૂતોમાં ખુશીની લાગણી ફેલાઈ ગઈ હતી.

છોટાઉદેપુર હિરણ નદી બે કાંઠે વહી રહી હતી તો, ડાંગનો ગિરા ધોધ ભરપૂર પાણી સાથે અદ્ભુત કુદરતી દ્રશ્યની મોજ સાહેલાણીઓને પૂરી પાડતો હતો. નસવાડીની અશ્વિની નદી, પંચમહાલનો હડફ ડેમ, દાહોદના પાટાડુંગરી ડેમમાં પણ નવા નીરની આવક વધી હતી. આ સિવાય રાજયના અન્ય જળાશયો અને ડેમોમાં નવા નીર આવ્યા હતા.

### હજુ અતિભારે વરસાદ પડવાની આગાહી

રાજયમાં હજુ પણ આગામી ૭૨ કલાક ભારેથી અતિભારે વરસાદ પડવાની શકયતા છે. જેમાં દક્ષિણ ગુજરાત સહિતના ક્ષેત્રોમાં અતિ ભારે વરસાદ વરસવાની આગાહી વ્યકત કરાઈ છે. આવતીકાલે તા. ૨૨મી ઓગસ્ટ અને ગુરૂવારે તા. ૨૩મી ઓગસ્ટે મધ્ય અને દક્ષિણ ગુજરાત તેમ જ સૌરાષ્ટ્રના વિસ્તારોમાં ભારે વરસાદની આગાહી પણ કરાઈ છે. આ સિવાય સૌરાષ્ટ્રના ગીર-સોમનાથ, જૂનાગઢ, પોરબંદર, દ્વારકા સહિતના પંથકોમાં પણ ભારે વરસાદ પડવાની શકયતા છે. દક્ષિણ ગુજરાત પ્રદેશ ઉપર સાયક્લોનિક સરક્યુલેશનની સ્થિતિ પ્રવર્તી રહી છે જેના લીધે ભારે વરસાદ થઈ શકે છે. બીજી બાજુ આગામી પાંચ દિવસ દરમિયાન હળવાથી મધ્યમ વરસાદી ઝપટા દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્રમાં જારી રહેવાની આગાહી કરવામાં આવી છે. દક્ષિણ ગુજરાતના સૂરત, નવસારી, વલસાડ, ડાંગ સહિતના વિસ્તારોમાં ભારે વરસાદ થઈ શકે છે. સૌરાષ્ટ્રમાં ગીરસોમનાથ અને જુનાગઢમાં ભારે વરસાદની ચેતવણી જારી કરાઈ છે જેથી આ તમામ વિસ્તારોમાં સાવચેતીના પગલા લેવામાં આવ્યા છે.



શિવ મહિમ્ન સ્ત્રોતના પાઠ : શ્રાવણ માસના બીજા સોમવારે વિસનગરા નાગર પરિવાર દ્વારા શિવ મહિમ્ન પાઠનો કાર્યક્રમ જાણીતા વકિલ અતુલભાઈ પંડ્યાના નિવાસસ્થાને યોજાયો હતો. પ્રતિ વર્ષ શ્રાવણ મહિનાના સોમવારે યોજાતા શિવ મહિમ્ન પાઠના કાર્યક્રમમાં જ્ઞાતિજનો મોટી સંખ્યામાં જોડાય છે.

# મોડાસા નગરપાલિકા પાણી વેરામાં જંગી વધારા સામે ભારે વિરોધ

મોડાસા, તા. ૨૧
ભાજપ શાષિત મોડાસા નગરપાલિકા વિસ્તારમાં રહેતા લોકો મસ મોટો વેરો ભરે છે. સતત વધી રહેલી કારમી મોંઘવારીમાં લોકો પીડાઈ રહ્યા છે, બીજીબાજુ મોડાસા નગરપાલિકા તંત્ર દ્વારા પાણી વેરામાં જંગમ વધારો કરી બેવડો માર મારતા શહેરીજનોમાં ઉગ્ર રોષ ફેલાયો છે. નગરપાલિકા તંત્ર દ્વારા પાણી વેરો વધારવા ગુજરાત નગરપાલિકા અધિનિયમન ૧૯૬૩ની કલમ ૨૭૧ તેમજ પ્રોવિઝન (એ) હેઠળની મોડાસા નગરપાલિકા ખાસ પાણી વધારો કરવાનો હોઈ તે અંતર્ગત સામાન્ય સભામાં ઠરાવ.નં-૭૨ તા ૩૧-૦૧-૨૦૧૮થી મંજુર કરવામાં આવતા અને જાહેર નિવિદા થકી કોઈને વાંધો હોય તો લેખિતમાં ૩૦ દિવસની અંદર અરજી મોકલી આપવાનું જણાવતા નગરપાલિકાના ભાવ વધારા સામે નગરપાલિકાના કોર્પોરેટરનો વિરોધ નજર અંદાજ કરતા એક કોર્પોરેટરે સોશ્યલ મીડિયામાં જંગ છેડતા લોકોનું ભારે સમર્થન મળ્યું હતું અને નગરપાલિકાનો પાણીવેરો પછી ખેંચી લેવા શહેરીજનોએ માંગ કરી હતી.





મોડાસા નગરપાલિકાએ ખાસ પાણી વેરામાં કમરતોડ વધારો સુચવ્યો છે. જનતાને માથે અલગ અલગ હેતુ માટે ૭૫ ટકાથી ૨૫૦ ટકા સુધીનો પાણી વેરામાં વધારો સૂચવતા પ્રજાજનોમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે.

રહેણાક માટે જૂનો પાણી વરચે ૬૦૦ને બદલે ૯૦૦ રૂપિયાનો વધારો, વાણિજ્ય હેતુ માટે જૂનો પાણી વેરો ૯૦૦ ને બદલે ૧૫૦૦ નો વધારો, ખુલ્લા પ્લોટ માટે જૂનો પાણી વેરો ૧૫૦૦ ને બદલે ૩૦૦૦ નો વધારો, હોસ્પિટલ અને હોટલ માટે જૂનો પાણી વેરો ૨૦૦૦ ને બદલે ૫૦૦૦ નો વધારો ઝીંકાતા લોકોમાં નગરપાલિકાના સત્તાધીશો સામે ઉગ્ર રોષ ફેલાયો છે. નગરજનોને સુવિધા આપવામાં ઉણી ઉતારતી નગરપાલિકા પાણી વેરાના નામે નગરજનોના ખિસ્સા ખંખેરાતાં મધ્યમવર્ગીય અને ગરીબ લોકોની હાલત કફોડી બનતા લોકોએ પાણી વેરામાં ઝીંકેલો વધારો પરત ખેંચી લેવાની માંગ કરી છે.

મોડાસા નગરપાલિકાના કોર્પોરેટર રફીક શેખના જણાવ્યા અનુસાર નગરપાલિકાને પ્રજાજનોના માથે પાણી વધારો નાખ્યા વગર મોડાસા નગરપાલિકાની માલિકીની જગ્યાઓ ડેવલોપ કરવા જોઈએ અને નગરપાલિકા હસ્તકની ૧૨૪ થી વધુ દુકાનોના બાબા આઝમ વખતના લેવાતા માસિક ભાડા રૂ. ૯૦ થી ૨૯૪ રૂ. માં વધારો કરવાની માંગ કરી સોશ્યલ મીડિયા થકી પાણી વધારા સામે મોટી સંખ્યામાં લોકોએ જાગૃત બની લેખિત વાંધા અરજી કરવામાં આવે તો ઠરાવ રદ કરવાની ફરજ પાંડવમાં આવેની શહેરીજનોને અપીલ કરી હતી.

# મગફળી કૌભાંડ : નવું પંચ સરકાર બચાવો મિશન છે

## પરેશ ધાનાણીએ મગફળી કૌભાંડમાં નૈતિક જવાબદારી સ્વીકારી મુખ્યમંત્રીના રાજીનામાની માંગણી પણ કરી

અમદાવાદ, તા.૨૧
ગુજરાત સરકાર દ્વારા કાયદાની આડમાં મગફળી કૌભાંડમાં ભીનું સંકેલવા માટે નિવૃત જજની અધ્યક્ષતામાં નિમાયેલું તપાસ પંચ સરકાર બચાવો મિશન હોવાનો ગંભીર આક્ષેપ વિપક્ષના નેતા પરેશ ધાનાણીએ આજે કર્યો હતો. ધાનાણીએ મગફળી કાંડમાં નૈતિક જવાબદારી સ્વીકારી મુખ્યમંત્રીના રાજીનામાની માંગણી પણ કરી હતી. વિરોધપક્ષના નેતા પરેશ ધાનાણીએ મગફળી કૌભાંડ મામલે રાજય સરકાર પર ફરી એકવાર પ્રહારો કરતાં જણાવ્યું હતું કે, આ સાથે અત્યાર સુધીમાં નીમાયેલા કુલ ૧૧ જેટલા ઈન્કવાયરી કમીશન અને અનેક તપાસ સમિતિઓ કાયદાની આડમાં ભાજપ સરકારના કૌભાંડો ઉપર પડદો પાડવાનું કાવતરૂ જ બની રહ્યું છે. ખરેખર તો બોફોર્સ તોપમાં ખોટા આક્ષેપો કરી કેન્દ્ર સરકારને કાઢનાર ભાજપ દ્વારા બોફોર્સ કરતા બારદાનમાં વધારે કટકી કરવામાં આવી છે. ગુજરાત વિધાનસભા વિરોધ પક્ષના નેતા પરેશ ધાનાણીએ આજે પત્રકારોને જણાવ્યું હતું કે, ભાજપ સરકાર દ્વારા રૂપિયા ૪૦૦૦ કરોડની મગફળીની ટેકાના ભાવે થયેલી ખરીદીમાં ગેરરીતી અંગે તાત્કાલિક ધોરણે ન્યાયિક તપાસ કરાવવા વિધાનસભા સહિત રાજયપાલ, મુખ્યમંત્રી, કૃષિ મંત્રી અને કૃષિ સચિવને પત્ર લખી ઉગ્ર રજૂઆત કરવામાં આવી હતી. આમ છતાં આજદિન સુધી સરકારે આ માંગણી નહિ સ્વીકારી કૌભાંડીઓને છાવરી રહી છે. હવે આ મગફળી કૌભાંડમાં ભીનું સંકેલવા માટે નિવૃત જજ એચ.કે.રાઠોડ તપાસ પંચની કરાયેલી જાહેરાત સામે પ્રશ્નાર્થ કરતા તેમણે આ કૌભાંડનો રેલો સીએમ કાર્યાલય સુધી પહોંચ્યો હોવાથી મુખ્યમંત્રીને નૈતિક જવાબદારી સ્વીકારી રાજીનામું આપી દેવાની માંગણી કરી હતી.

ભાજપ સરકાર જયારે પણ કૌભાંડો અને ભ્રષ્ટાચારમાં ઘેરાય છે ત્યારે સરકાર બચાવો મિશન અંતર્ગત તપાસ પંચની માત્ર રચના જ કરે છે. અગાઉના ૧૧ કમીશન અને અનેક સરકારી તપાસ સમીતીઓના અહેવાલો આજદિન સુધી અધ્ધરતાલ હોવાનું જણાવતા તેમણે ઉમેર્યું હતું કે, જયારે સરકારે જ ભ્રષ્ટાચાર થયો હોવાનું સ્વીકાર્યું છે ત્યારે આ તપાસ પાંચ માત્ર નાટક જ હોવાથી સીટીંગ જજની અધ્યક્ષતામાં ચોક્કસ સમય મર્યાદામાં તપાસ થવી જોઈએ. તેમણે મગફળી કાંડમાં ન્યાયિક તપાસ કરી સત્ય બહાર આવે તેવું પ્રજા ઈચ્છી રહી હોવાનું જણાવી ૩૬ જેટલા મુદ્દાઓ વિષે સરકારને જવાબ આપવા જણાવ્યું છે.

# હાર્દિકના ઉપવાસની મંજૂરી માટે કોંગ્રેસ સભ્યો મેદાનમાં

પાસના કન્વીનર હાર્દિક પટેલના ઉપવાસ આંદોલનને લઈ સરકાર કે તંત્ર તરફથી હાર્દિક પટેલને કોઈપણ જગ્યાએ મંજૂરી નહી અપાતાં હવે કોંગ્રેસ પક્ષ જાહેરમાં હાર્દિકના સમર્થનમાં મેદાનમાં ઉતરી આવ્યો છે. આજે કોંગ્રેસના અડધોડઝન ધારાસભ્યો અને નેતાઓએ રાજય સરકારને હાર્દિકના ઉપવાસ આંદોલનની મંજૂરી આપવા અંગે ઉગ્ર રજૂઆત અને માંગણી કરી હતી. કોંગ્રેસના ધારાસભ્યો અને નેતાઓએ રાજયના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલને રૂબરૂ મળી તેમની લાગણી પહોંચાડી હતી. હાર્દિકના સમર્થનમાં આજે કોંગ્રેસ પણ ઉતરી આવતાં ગુજરાત રાજકારણમાં ફરી એકવાર ગરમાવો આવ્યો હતો. આગામી તા. ૨૫ ઓગસ્ટથી આમરણાંત ઉપવાસ આંદોલન કરવા જઈ રહેલા પાસના યુવા નેતા હાર્દિક પટેલને ઉપવાસની મંજૂરી અપાવવા કોંગ્રેસના એક ડઝન જેટલા ધારાસભ્યો આજે ગાંધીનગરમાં મુખ્યમંત્રી રૂપાણીને રજૂઆત કરવા પહોંચી ગયા હતા. જો કે, મુખ્યમંત્રી કેબીનેટ બેઠક પતાવી સચિવાલયમાંથી નીકળી જતા તેઓ સેક્રેટરી અશ્વિની કુમારને મળ્યા હતા. આ પછી આ કોંગ્રેસી ધારાસભ્યોએ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ સમક્ષ હાર્દિક પટેલને ઉપવાસ માટે મંજૂરી મળે તે અંગે રજૂઆત કરી હતી. આ સાથે તેમણે અલ્પેશ કથીરિયા પર લગાવેલો રાજદ્રોહનો કેસ પણ પરત ખેંચવા પણ રજૂઆત કરી હતી. ગાંધીનગર ખાતે આજે બપોરે સ્વર્ણિમ સંકુલ-૧માં કોંગ્રેસના ધારાસભ્યો હાર્દિક પટેલના ઉપવાસ આંદોલનને મંજુરી માટેની રજૂઆત કરવા આવી પહોચ્યા હતા.

### નોટા નહિ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સવાલ ઉઠાવ્યાં હતા જેમાં રાજ્યસભા ચૂંટણી માટે બેલેટ પેપરમાં ર્દ્રૃછની મંજૂરી આપવામાં આવી હતી.

સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે નોટાની શરૂઆત એટલા માટે કરવામાં આવી હતી કે જેથી પ્રત્યક્ષ ચૂંટણીમાં કોઈ વ્યક્તિ વોટર તરીકે આ વિકલ્પનો ઉપયોગ કરી શકે. કોર્ટે છેલ્લી રાજ્યસભા ચૂંટણી દરમિયાન ગુજરાત વિધાનસભામાં કોંગ્રેસના મુખ્ય સચેતક રહેલાં શૈલેશ પરમારની અરજી પર પોતાનો ચુકાદો સુરક્ષિત રાખ્યો હતો.

કોંગ્રેસે રાજ્યસભા ચૂંટણીમાં હાલના સાંસદ અહમદ પટેલને પોતાનો ઉમેદવાર બનાવ્યો હતો. પરમારે ચૂંટણી પંચની અધિસૂચનામાં બેલેટ પેપરમાં નોટાના વિકલ્પને પડકાર્યો હતો.

સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે કોઈ ગેર બંધારણિય કૃત્યમાં એક બંધારણ ન્યાયાલય પક્ષ કેમ બને. જો કોઈ વ્યક્તિ વોટ નથી નાંખતો તો તેને પાર્ટીમાંથી કાઢી શકાય છે. પરંતુ નોટા લાવીને ચૂંટણી પંચ વોટ નહીં નાખવાના કૃત્યની કાયદેસરતાને પ્રદાન કરે છે. કોર્ટે કહ્યું હતું કે નોટાનો વિકલ્પ પ્રત્યક્ષ મતદાનમાં વોટ નાંખનાર વ્યક્તિ માટે શરૂ કરાયું હતું.

૨૦૧૪માં થયેલી રાજ્યસભા ચૂંટણીમાં બેલેટ પેપર ઉપર પણ ર્દ્રૃછનો વિકલ્પ આપવામાં આવ્યો હતો. ગુજરાતથી રાજ્યસભાની ચૂંટણી માટે કોંગ્રેસના નેતાએ સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી. ગુજરાત વિધાનસભા કોંગ્રેસ ચીફ વ્હિપ શૈલેશ મનુભાઈ પરમારે ચૂંટણીપંચના નોટિફિકેશનને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યું હતું. કોંગ્રેસના આ પગલાનું સમર્થન એનડીએ સરકારે પણ કર્યું હતું. એટલા માટે કોર્ટે સરકારને માત્ર સુપ્રીમ કોર્ટના નિર્ણય અને ચૂંટણી પંચના નોટિફિકેશનનો ઉલ્લેખ અને વ્યાખ્યા કરી હતી. પરંતુ અરજીમાં ઉઠાવેલા મુદ્દાઓનો વિરોધ કર્યો હતો.

### અહેમદ પટેલ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પાર્ટી કોષાધ્યક્ષ મોતીલાલ વોરાની કઠોર મહેનત અને યોગદાનની પ્રશંસા કરે છે. મોતીલાલ વોરા છેલ્લા ૧૭ વર્ષથી પાર્ટીના કોષાધ્યક્ષની જવાબદારી સંભાળી રહ્યા છે. સંયુક્ત પ્રગતિશીલ ગઠબંધન (યુપીએ)ના અધ્યક્ષ સોનિયા ગાંધીના રાજકીય સલાહકાર અહેમદ પટેલને કોષાધ્યક્ષ બનાવવામાં આવ્યા બાદ આની ચર્ચા જોવા મળી રહી છે. લોકસભાની ચૂંટણીને ધ્યાનમાં લઈને કેટલાક મહત્વપૂર્ણ નિર્ણય ઝડપથી લેવામાં આવી રહ્યા છે. પૂર્વ કેન્દ્રીયમંત્રી સીપી જોશીને પૂર્વોત્તર પ્રભારી સચિવની જવાબદારી સોંપવામાં આવી છે. જોશી રાજસ્થાન વિધાનસભાની ચૂંટણીમાં પાર્ટી માટે કામ કરી રહ્યા છે. આજકારણસર તેમને રાષ્ટ્રીય સંગઠનની જવાબદારીમાંથી મુક્ત કરવામાં આવ્યા છે.

### ત્રીજો ગોલ્ડ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ઉપરાંત ભારતે બે ગોલ્ડ મેડલ રેસલિંગમાં જીત્યા છે. ભારતે શૂટિંગમાં એક ગોલ્ડ, ત્રણ સિલ્વર અને બે બ્રોન્ઝ મેડલ જીત્યા છે. સેપકટકરામાં એક બ્રોન્ઝ મેડલ પણ ભારતે જીત્યો છે. અગાઉ ત્રીજા દિવસે ભારતને શુટિંગમાં બે ચન્દ્રક જીત્યા હતા. ભારત તરફથી સૌરભ ચૌધરી અને અભિષેક વર્માએ પુરૂષોના ૧૦ મીટર ઈવેન્ટમાં ભારત માટે ચન્દ્રક જીત્યા હતા. સૌરભે ગોલ્ડ મેડલ જીતી લેવામાં સફળતા મેળવી હતી. જ્યારે વર્માએ કાસ્ય ચન્દ્રક જીત્યો હતો. અગાઉ ઈન્ડોનેશિયાના પાટનગર જાકાર્તા અને પાલેમબાંગમાં ચાલી રહેલા એશિયન ગેમ્સના બીજા દિવસે સોમવારના દિવસે ભારતીય ખેલાડીઓનો દેખાવ શાનદાર રહ્યો હતો. વિનેસ ફોગાટે એશિયન ગેમમાં ઈતિહાસ રચીને ૫૦ કિલોગ્રામ ફ્રીસ્ટાઈલ કુશ્તીમાં ગોલ્ડ મેડલ જીતવામાં સફળતા મેળવી હતી. એશિયન ગેમમાં ગોલ્ડ મેડલ જીતનાર તે પ્રથમ ભારતીય મહિલા બની હતી. વિનેશે જાપાનની ઈરીયુકી ઉપર ૬-૨થી જીત મેળવી હતી. આની સાથે જ ભારતે વે બે ગોલ્ડ પણ પોતાના નામે કરી દીધા હતા. સોમવારે ભારતની વિનેશ જ્યારે મેદાનમાં ઉતરી ત્યારે તેમના પગમાં દુખાવો હતો છતાં પોતાની તમામ બાઉટ જીતવામાં તે સફળ રહી હતી. વિરોધી રેસલરને કોઈ તક આપી ન હતી. ફાઈનલમાં પહોંચતા પહેલા વિનેશે સેમિફાઈલમાં કોરિયાની રેસલર કિમને હાર આપી હતી. ભારતના ખાતામાં શૂટિંગમાં બે મેડલ આવ્યા હતા. આની સાથે જ ભારતના હજુ સુધી કુલ સાત મેડલ થઈ ગયા છે. દિપકકુમાર અને લક્ષ્યકુમારે ભારત તરફથી શૂટિંગમાં સિલ્વર મેડલ જીતવામાં સફળતા મેળવી હતી.સ્ટાર રેસલર બજરંગ પુનિયાએ રવિવારના દિવસે ભારતને પ્રથમ સુવર્ણ ચંદ્રક અપાવવામાં સફળતા મેળવી હતી. પુરુષોની ૬૫ કિલોગ્રામ સ્પર્ધાની ફાઈનલમાં જાપાનના દાયચીને ૧૧-૮થી હરાવીને એશિયન ગેમ્સના પ્રથમ દિવસે જ ભારતને સુવર્ણ ચંદ્રક અપાવ્યું હતું. બજરંગે એશિયન ગેમ્સ ૨૦૧૪માં રજત ચંદ્રક જીતવામાં સફળતા મેળવી હતી. તે પહેલા ૧૦ મીટર એર રાયફલ મિક્સ્ડ ટીમ ઈવેન્ટમાં ભારતની અપૂર્વ ચંદેલા અને રવિ કુમારની જોડીએ બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. ફાઈનલમાં આ ભારતીય જોડીઓ ૪૨૯.૯નો સ્કોર બનાવ્યો હતો. આર્ટિસ્ટિક જિમ્નાસ્ટિક ક્વોલિફિકેશનમાં પણ ભારતીય ટીમે ફાઈનલમાં કૂચ કરી લીધી છે.

### રાજ્યપાલ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ઉત્તરાખંડના રાજ્યપાલની જવાબદારી બેબીરાની મોર્યને સોંપવામાં આવી છે. જમ્મુ કાશ્મીરમાં સતપાલ મલિક વર્તમાન રાજ્યપાલ એનએન વોરાની જગ્યા લેશે. જમ્મુ કાશ્મીરમાં આ વર્ષે સરકારનું પતન થયા બાદ ત્યાં રાજ્યપાલ શાસન લાગૂ કરવામાં આવ્યું હતું. રાજ્યપાલ શાસન હાલમાં ચાલી રહ્યું છે ત્યારે સતપાલ મલિકને વર્તમાન રાજ્યપાલ વોરાની જગ્યાએ રાખવામાં આવ્યા છે.

### અંજલિ સભા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તેમને ભાવભીની શ્રધ્ધાંજલિ અર્પણ કરી હતી. સાથે સાથે અટલજીએ રાજકારણની સાથે સાથે જનહિતમાં કરેલી રાષ્ટ્રીય સેવા અને લોકહિતના કાર્યોને બિરદાવાયા હતા. હવે આવતીકાલે શહેરમાં સાબરમતી નદીમાં પણ સ્વ.અટલબિહારી વાજપેયીના અસ્થિનું વિધિવત્ રીતે વિસર્જન કરવામાં આવનાર છે, તેને લઈને તૈયારીઓ આરંભાઈ છે. યુનિવર્સિટની કેન્વેન્શન હોલ ખાતે આજરોજ યોજાયેલી સ્વ.અટલજીની પ્રાર્થનાસભામાં વિધાનસભામાં વિરોધપક્ષના નેતા પરેશ ધાનાણી, કેન્દ્રીય મંત્રી પરસોતમ રૂપાલા, રાજ્યપાલ ઓપી કોહલી, અમદાવાદના મેયર બીજલ પટેલ અને પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલ, પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા, પૂર્વ મુખ્યમંત્રી સુરેશ મહેતા સહિત અનેક હસ્તીઓ સામેલ થઈ હતી. તેમજ સચ્ચિદાનંદ સ્વામી, કૃષ્ણમણિ મહારાજ અને દિલીપ દાસજી સહિત અનેક સંતો-મહંતો પણ ઉપસ્થિત રહ્યા હતા. પ્રાર્થનાસભામાં ખાસ હાજર રહેલા આ તમામ મહાનુભાવોએ અટલજીને ભાવભીની શ્રદ્ધાંજલિ આપી હતી. આજના આ કાર્યક્રમ સાથે જ શહેરમાં સ્વ. અટલજીના બે દિવસીય શ્રદ્ધાંજલિ કાર્યક્રમની શરૂઆત થઈ ગઈ છે. હવે આવતીકાલે તા. ૨૨ ઓગસ્ટે ગુજરાત પ્રદેશ અધ્યક્ષ જીતુ વાઘાણી દિલ્હીથી અસ્થિકુંભ લઈ બપોરે ૩-૦૦ કલાકે અમદાવાદ એરપોર્ટ પહોંચશે. જ્યાં મુખ્યમંત્રી વિજય રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ સહિતના આગેવાનો પુષ્પાંજલિ અર્પણ કરશે. આવતીકાલે ખાડિયા ગોલવાડ ભાજપ કાર્યાલયથી ૪-૦૦ વાગ્યે શરૂ થઈ અટલજીની અસ્થિકુંભ યાત્રા શરૂ થઈ તિલક બાગ પાસે સાબરમતી નદીમાં સાંજે ૬-૦૦ વાગ્યે અસ્થિવિસર્જન સાથે પૂર્ણ થશે. સાબરમતી નદીમાં સ્વ.અટલજીના અસ્થિ પધરાવવાને લઈ તૈયારીઓ આરંભી દેવાઈ છે.

પ્રાર્થનાસભામા ભાજપા પ્રદેશ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણીએ જણાવ્યુ હતુ કે, આજની આ સભા એક ખરા અર્થમાં સર્વસમાવેષક શોકસભા બની છે. સર્વે મહાનુભાવોના વક્તવ્યો દ્વારા સૌને અટલજીને જાણવાનો અને સમજવાનો મોકો મળ્યો છે. આદરણીય અટલજીનું જીવન એ દેશના કરોડો યુવાનો માટે અને ભાજપા કાર્યકર્તાઓ માટે પ્રેરણારૂપ છે. તેઓ સદેહે આપણી વચ્ચે ઉપસ્થિત નથી પરંતુ તેમની દિવ્યચેતના હરહંમેશ આપણને માર્ગદર્શીત કરતી રહેશે. ગુજરાતની છ પવિત્ર નદીઓમાં આદરણીય અટલજીના અસ્થિ વિસર્જન થશે. નતમસ્તકે આદરણીય અટલજીને શ્રધ્ધાસુમન અર્પણ કરૂં છું. બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેવા બદલ સૌ સમાજ શ્રેષ્ઠીઓ તથા નગરજનોનો આભાર માનું છું. પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલ, શંકરસિંહ વાઘેલા તથા કેન્દ્રિય મંત્રીશ્રી પરષોત્તમભાઈ રૂપાલાએ તેમના વક્તવ્યમાં શ્રધ્ધાંજલી પાઠવતા આદરણીય અટલજી સાથેના તેમના જુના સંસ્મરણો તથા પ્રસંગો વર્ણવ્યા હતા.આ પ્રાર્થનાસભામાં વિવિધ રાજકિય પક્ષોના આગેવાનો, સામાજીક તથા શૈક્ષણિક સંસ્થાઓના પ્રતિનિધિઓ, જુદા-જુદા વ્યાપારી મંડળોના આગેવાનો, ઉદ્યોગજગતના અગ્રણીઓ, લેખકો, સાહિત્યકારો, મીડિયાજગતના અગ્રણીઓ સહિત બહોળી સંખ્યામાં લોકો આદરણીય અટલજીને શ્રધ્ધાંજલી અર્પણ કરવા ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન જાણીતા કવિ ભાગ્યેશ જહાએ કર્યું હતું.

### સરવરિયા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વરસાદ વરસવાનુ શરૂ થયુ હતુ. મોડી સાંજ સુધી ઝરમર વરસાદ યથાવત રહયો હતો. જેના લીધે નગરમાં ભીંજારાનો માહોલ જોવા મળ્યો હતો. નગરના સેકટરોમાં વરસાદી પાણીના ખાબોચિયા ઉભરાયા હતા. વરસાદી વાતાવરણમાં સેકટરોમાં અનેકવિધ વરસાદી સમસ્યાઓ ઉદભવી હતી. જો કે હવામાન વિભાગના જણાંવ્યા મુજબ નવી ડેવલપ થયેલી સિસ્ટમના લીધે હજુ ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદ વરસવાના સંજોગો છે.

### જગતનો તાત... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દરમ્યાન હવામાનશાસ્ત્રના જાણકારોના મતાનુસાર ગુજરાતમાં ચોમાસુ જે રીતે સક્રીય થયુ છે તે જોતાં આગામી બે દિવસ દરમ્યાન હળવાથી ભારે વરસાદ થવાની શક્યતાઓ છે. ખેડૂતો દ્વારા કઠોળ પાક ઉપરાંત દિવેલા તેમજ ડાંગરનું વાવેતર પુનઃ આરંભી દીધુ છે.

### પ્રથમ બેઠક... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સાતમ, જન્માષ્ટમી અને અન્ય તહેવારો આવી રહ્યા હોવાથી આ તારીખ પર પસંદગી ઉતારવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લા પંચાયતમાં સમિતિઓની રચનાને મુદ્દે ઉભી થયેલી મનદુઃખની લાગણીને લઈ મહિલા બાળ વિકાસ સમિતિની બેઠક જ કદાચ મળી શકશે નહિ. કારણ કે આ સમિતિના ૩ સભ્યોએ રાજીનામા આપ્યા છે. તો અપીલ સમિતિના ચેરમેન તરીકે હોદ્દાની રૂએ પંચાયત પ્રમુખ જ તેના અધ્યક્ષ હોય છે એટલે છ સમિતિઓની પ્રથમ બેઠક ૩૧મી ઓગષ્ટના રોજ યોજવામાં આવશે.

### નર્મદા ડેમમાં... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

એક વખત ફરી જળસંકટના વાદળો ઘેરાયા હતા. ખુદ સરકાર પણ નર્મદા ડેમના ખાલી થવાની દહેશતમાં ચિંતામાં સરી પડી હતી ત્યારે મેઘરાજાએ તેના નવા રાઉન્ડમાં ધમાકેદાર એન્ટ્રી કરી ધોધમાર વરસાદ વરસાવ્યો હતો. ગુજરાતની સાથે સાથે મધ્યપ્રદેશ સહિતના ઉપરવાસના વિસ્તારમાં પણ ભારેથી અતિ ભારે વરસાદ નોંધાતા તેના કારણે નર્મદા ડેમમાં નવા પાણીની ભરપૂર આવક થઈ હતી. છેલ્લા ચાર દિવસમાં જ નર્મદા ડેમની જળસપાટીમાં પાંચ મીટરનો નોંધપાત્ર વધારો નોંધાયો હતો. ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા ડેમમાં સતત પાણીની આવકને પગલે હાલ પણ ડેમની સપાટીમાં સતત વધારો થઈ રહ્યો છે. નર્મદા ડેમના કેચમેન્ટ એરિયામાં ભારે વરસાદ પડતા નર્મદા ડેમમાં નવા નીર આવી રહ્યા છે. નર્મદા ડેમની સપાટી ૧૧૫.૫ મીટર પર પહોંચી ગઈ છે. અને નર્મદા ડેમમાં ૩૦ હજાર ક્યુસેક પાણીની આવક પણ થઈ રહી છે. ગુજરાતને સિંચાઈ અને પીવા માટે એક વર્ષ સુધી ચાલે તેટલા પાણીનો સંગ્રહ નર્મદા ડેમમાં થઈ ગયો છે. નર્મદા ડેમમાં સતત પાણીની આવક અને પૂરતા જથ્થામાં પાણી સંગ્રહના કારણે ખેડૂતો અને પ્રજાજનોમાં ખુશી વ્યાપી ગઈ છે. હાલ નર્મદા ડેમમાં ૫૦૦.૫૬ એમસીએમ લાઈવ સ્ટોરેજ પાણીનો જથ્થો ઉપલબ્ધ છે. નર્મદા ડેમની સપાટીમાં છેલ્લા ચાર દિવસમાં પાંચ મીટર જેટલો વધારો થયો છે. ગુજરાત પરથી જળસંકટ દૂર થતાં સરકારે પણ રાહતનો શ્વાસ લીધો છે.